# જેનપુર ખાતે નવીન બનેલ સ્લેબ ડ્રેઈન લોકાર્પણ

**૧.૯૦ લાખના ખર્ચે તૈયાર થયેલ પુલનો લોકાર્પણ કાર્યક્રમ યોજાયો : પુલ બનતા ગ્રામજનો સહિત આજુબાજુના લોકોમાં ખુશી : મંત્રી, સાંસદ, તાલુકા પ્રમુખ સહિત ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા**







પ્રાંતિજ તા.૨૪

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના લાલપુર-જેનપુર ખાતે નવનિર્મિત સ્લેબ ડ્રેઈન નુ મંત્રી ગજેન્દ્રસિંહ પરમાર ના હસ્તે લોકાર્પણ કરવામા આવ્યુ. પ્રાંતિજ ના લાલપુર- જેનપુર ખાતે માર્ગ અને મકાન લિભાગ દ્વારા ખારી નદી ઉપર ૧.૯૦ લાખ ના ખર્ચે તૈયાર થયેલ સ્લેબ ડ્રેઈન નુ લોકાર્પણ રાજય કક્ષાના મંત્રી અને અન્ય નાગરિક પુરવઠો અને ગ્રાહક સુરક્ષા ની બાબતો મંત્રી અને પ્રાંતિજ-તલોદ ના ધારાસભ્ય ગજેન્દ્રસિંહ પરમાર ના હસ્તે ખુલ્લો મુકવામા આવ્યો હતો તો ખારી નદી ઉપર પુલ બનતા લાલપુર-જેનપુર સહિત આજુબાજુ ના લોકોમા ખુશી જોવા મળી હતી અને તલોદ જવા આવવાનુ સહેલુ થયુ તો આ પ્રસંગે મંત્રી ગજેન્દ્રસિંહ પરમાર, સાંસદ દિપસિંહ રાઠોડ, તાલુકા પ્રમુખ વર્ષાબા, આર એન્ડ બી કર્મચારી મહેન્દ્રસિંહ ઝાલા, ભીખુસિંહ ઝાલા, લાલસિંહ સહિત ગ્રામજનો મોટી સંખ્યામા ઉપસ્થિત રહ્યા હતા.

## રાજગોળ પ્રાથમિક શાળાના મુખ્ય શિક્ષકનો વિદાય સમારંભ યોજાયો

**મુજ દ્વારેથી ઓ પંખીડા હસતાં મુખડે જાજોની પંક્તિ સાથે બાળકોની ભીની આંખે વિદાય**

મેઘરજ તા. ૨૪

અરવલ્લી જીલ્લાના મેઘરજ તાલુકાના રાજગોળ ગામની પ્રાથમિક શાળામાં મુખ્ય શિક્ષક તરીકે ફરજ બજાવતા જીવાભાઈ બદાભાઈ ખરાડી વયમર્યાદાને કારણે નિવૃત્ત થતાં હોય તેમનો નિવૃત્તિ વિદાય સમારોહ ધનજીભાઈ ખોખરીયાના પ્રાથમિક શિક્ષણ મહાસંગ અધ્યક્ષ સ્થાને યોજાયો હતો.વર્ષ ૧૯૮૮ રાજગોળ ગામે શિક્ષક તરીકે જોડાયા હતા અને ૨૦૨૧ સતત ૩૩ વર્ષ અને ૩ મહીના રાજગોળ પ્રાથમિક શાળામાં જ રહ્યા સને ૨૦૦૪થી મુખ્ય શિક્ષક તરીકે કાર્યરત રહી શિક્ષણની ધૂણી ધખાવી હતી.



આજે યોજાયેલા તેમના વિદાય સમારંભમાં ગુજરાત પ્રદેશ આદિજાતિ મોરચાના કારોબારી સભ્ય નરેશ ડામોર આદિવાસી સમાજ ના અગ્રણી સુરેશ કટારા રાજગોળ સરપંચ દક્ષાબેન ભગોરા.મેઘરજ પંચાયત સરપંચ સાંજાભાઈ ડામોર.મહામંત્રી પ્રાથમિક શૈક્ષણિક મહાસંઘ, મેઘરજના .પરેશ પટેલ પ્રમુખ, પ્રાથમિક શિક્ષક સંઘ, મેઘરજના બાબુ ડામોર

પૂર્વ પ્રમુખ યુનુસ ખબરાટ પ્રાથમિક શિક્ષક સંઘ, મેઘરજના રામજીભાઈ નિનામા.આદિવાસી શિક્ષક એસોસેસિયન મેઘરજના પ્રમુખ હરેશભાઈ ડામોર ઉપરાંત કેન્દ્ર શાળા અને આજુબાજુની શાળાના શિક્ષકો અને ગ્રામજનોએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી તેમને ભારે હૈયે વિદાય આપી હતી. સૌએ તેમનું નિવૃત્તિ બાદનું જીવન સુખદાયી અને પ્રવૃત્તિમય રહે તેવી શુભેચ્છા પાઠવી હતી. આ પ્રસંગે પ્રાસંગિક ઉદબોધન કરતાં જણાવ્યુ હતું કે સૌથી વધુ જવાબદારી ભરી નોકરી હોય તો તે શિક્ષકની છે. તે ક્યારેય નિવૃત્ત નથી થતો પરંતુ નિવૃત્તિ બાદ પણ તે પોતાનું શિક્ષણ અને સમાજ સાથે જોડાય તે પોતાની બાકીની જીદંગી પ્રવૃતિમય બનાવતો હોય છે. તેમણે જીવાભાઈને આગામી જીવન સુખ અને શાંતિ આપનારું નીવડે એવી શુભેચ્છા પાઠવી હતી.

## ભિલોડામાં માતૃછાયા જનરલ હોસ્પિટલનો શુભારંભ યોજાયો

ભિલોડા, તા.૨૪

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકા મથક ખાતે હાથમતી નદી કિનારે નીર સાગર પ્લાઝામાં અધતન સુવિધા સભર માતૃછાયા જનરલ હોસ્પિટલનો શુભારંભ યોજાયો હતો.ઉદ્ઘાટક ભરતસિંહ સોલંકી, પુર્વ કેન્દ્રીય મંત્રી, ભારત સરકાર, પરમ પુજય લાલજી મહારાજ, શ્રી શામળીયા સાધના આશ્રમ, નવા વકતાપુર,અતિથિ વિશેષ રધુવીરસિંહ મીણા, ડો.માંગીલાલ ગરાસિયા,પુર્વ મંત્રી,રાજસ્થાન સરકાર, માતૃછાયા જનરલ હોસ્પિટલ,



પરીવાર, ભિલોડા, મુખ્ય સંચાલક અલ્પેશભાઈ વડેરા, લાલસિંહ પરમાર, દિલીપભાઈ શાહ સહિત સામાજીક આગેવાનો, કાર્યકરો, સગાં-સબંધીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## આઝાદી કા અમૃત મહોત્સવમાં ભાગરૂપે યોજાયો સુભાષચન્દ્ર બોઝ સ્મરણાંજલી કાર્યક્રમ

બાયડ,તા. ૨૪

જી.સી.ઈ.આર.ટી. ગાંધીનગર અને જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન,ઈડર ની




સૂચના મુજબ શનિવારના આપણાં દેશના મહાન ક્રાંતિકારી સ્વાતંત્ર્યવીર અને આઝાદ હિંદ ફોજની રચના કરનાર અને "તુમ મુઝે ખૂન દો મૈ તુમ્હ આઝાદી દંગાનો નારો બૂલંદ કરી અંગ્રેજોના દમનશાહી શાસન સામે હથિયારી ફોજ ઉભી કરી ઝઝુમનાર ભારતના મહાન વીર સપૂત "નેતાજી સુભાષચન્દ્ર બોઝ ની યાદમાં કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું. જેમાં સંસ્થાના ઈ.આચાર્ય,સ્ટાફ મિત્રો અને તાલીમાર્થીઓ જોડાયા વંદે માતરમ મેરા ભારત મહાન, શહીદો અમર રહો, તુમ મુઝે ખૂન દો મૈ તુમ્હ આઝાદી દૂગા જેવા બેનરો અને નેતાજીના ફોટા સાથે સુત્રોચ્ચાર કરી સાચા અર્થમાં નેતાજીને શ્રધ્ધાંજલી આપવામાં આવી.

ત્યારબાદ સંસ્થાના પ્રાર્થના ખંડમાં સજારૂપે મળી સૌ પ્રથમ આચાર્યશ્રી જે.જે.દેસાઈએ ખેડા જીલ્લાના વણઝારીયા ગામના હરિશસિંહ પરમાર કે જે કાશ્મીરમાં આતંકવાદ સામે મૂઠભેડમાં પરાક્રમ દાખવી શહીદ થયા છે જેમની યાદમાં બે મિનિટનું મૌન પાળી શ્રધ્ધાંજલી આપવામાં આવી. ત્યારબાદ ૦૬ તાલીમાર્થીઓ દ્વારા નેતાજીના જીવન અને યોગદાનના વિવિધ પ્રસંગો પર વકતવ્ય આપવામાં આવ્યું ત્યારબાદ ૦૪ તાલીમાર્થીઓ દ્વારા દેશભક્તિનાં ગીતો રજુ કરી દેશપ્રેમની ભાવના અને આપણી વારસામાં મળેલી ધરોહરને મજબુત બનાવવાના મૂલ્યો દંઢ બને તેવા સંકલ્પ સાથે "એ મેરે વતન કે લોગો જરા યાદ કરો કુરબાની-ટાઈટલ પંક્તિઓ સામૂહિક રીતે ગાન કરી કાર્યક્રમની પૂર્ણાહૂતી કરવામાં આવી.

## અરવલ્લી જીલ્લા સંકલન અને ફરિયાદ સમિતિની બેઠક યોજાઈ

**પ્રજાની વચ્ચે રહીને પ્રજાને સરકારની વિવિધ લક્ષી યોજનાઓનો લાભ અપાવીએ કલેકટર નરેન્દ્રકુમાર**

બાયડ તા.૨૪

અરવલ્લી જીલ્લાના જીલ્લા કલેકટર કચેરીના સભાખંડ ખાતે જીલ્લા કલેક્ટરશ્રી નરેન્દ્રકુમાર મીનાની અધ્યક્ષતામાં તથા જીલ્લા વિકાસ અધિકારી શ્રીમતિ શ્વેતા તેવટીયાની ઉપસ્થિતિમાં જીલ્લા સંકલન અને ફરિયાદ સમિતિની બેઠક યોજાઈ.

જે અંતર્ગત ભીલોડાના,બાયડ,મોડાસાના ધારાસભ્યશ્રીઓ દ્વારા તાલુકાના વિવિધ ગામોના વિકાસલક્ષી કામોની સંકલન તથા ફરિયાદ સમિતિના પ્રશ્નોને જીલ્લા કલેકટરશ્રી સમક્ષ રજુ કરાયા. જેમાં ભીલોડા ધારાસભ્યશ્રી દ્વારા બેઠકમાં મેઘરજની શણગાલ તરફનો સ્ટેટ હાઈવેને રી-કાર્પેટ કરવા માટે બજેટ જોગવાઈઓ પ્રમાણે ડીપ વળાંક સુધારણા અને મટીરીયલનો યોગ્ય ઉપયોગ કરવાના કારણો શું છે? ભિલોડા કોટેજ હોસ્પિટલનો પ્રશ્ન, ભિલોડા અને મેઘરજના તાલુકામાં આવેલ બી.પી.એલ. ધારકો અને કાચાથી પાકા મકાન બનાવવાની માંગ, ન્યુ ગુજરાત પેટર્ન યોજનામાં કરવામાં આવેલ ખર્ચની વિગત, ભિલોડા અને મેઘરજ તાલુકામાં આદિવાસી ખેડૂતોને સિંચાઈની સુવિધા માટેના પ્રશ્નો, પંચાયત સિંચાઈ હસ્તકની વણ વપરાયેલ ગ્રાન્ટની માહિતી તથા પંચાલ ગામમાં વીજળીની સમસ્યા જેવા પ્રશ્નો રજુ કર્યા હતા.

મોડાસા ધારાસભ્યશ્રી દ્વારા મુલોજ સોલાર પ્લાન્ટમાં થયેલા દબાણ, રહિયોલ ગોપાલ સ્નેક્સ યુનીટમાં બિન ખેતી કરાયેલી જમીન, મોડાસા કોલેજ રોડથી હજીરા શો-રૂમ સુધી વોટર ગટરલાઈન પાણીનો નિકાલ, ICDS યોજના અંતર્ગત સગર્ભા ધાત્રી બહેનો માટેની સમસ્યા, ફૂડ એન્ડ ડ્રગ્સ સેફટી વિભાગ અંગે પ્રશ્નો કરાયા, ટીંટોઈથી મોડાસા સુધીના માર્ગમાં પડેલ ખાડાઓની સમસ્યા, મોડાસા અને ધનસુરા તાલુકાની એસ.ટી. બસો ચાલુ કરવા માંગ,



અરવલ્લી જીલ્લામાં જીલ્લા કચેરીમાં આઉટસોર્સિંગ માં કામ કરતા કુલ કેટલા કર્મચારીઓ છે? એમને કેટલો પગાર ચુકવવામાં આવે છે? જેવા પ્રશ્નો રજુ કર્યા હતા. બાયડ ધારાસભ્યશ્રી અનેક પ્રશ્નોની રજુઆતો કરવામાં આવી હતી. તેમજ દરેક પ્રશ્નોનોનો નિકાલ કરવા અંગે કલેકટરને અનુરોધ કર્યો હતો.

આ બેઠકમાં જીલ્લા કલેકટર નરેન્દ્રકુમાર મીનાએ જણાવ્યું કે, સંકલનના અમલીકરણ અધિકારીઓને અરવલ્લી જીલ્લાના ધારાસભ્યઓના દરેક પ્રશ્નોનોનું ઝડપથી નિરાકરણ આવે, પ્રજાની વચ્ચે રહીને પ્રજાને સરકારની વિવિધ લક્ષી યોજનાઓનો લાભ અપાવીએ, તેમજ દરેક વિભાગના અધિકારીઓએ ફિલ્ડમાં જવું અને લોકોની સમસ્યાઓનું નિરાકરણ લાવવા માટેના પ્રયાસો કરવા તાકીદ કરી હતી. જ્યારે ભાગ બે માં જીલ્લા પ્રાથમિક શિક્ષણ વિભાગ અને શ્રમ વિભાગ દ્વારા પ્રેઝન્ટેશન રજુ કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત પેન્સન, સરકારી લેણાની વસુલાત, અને નીચલી કચેરીઓનું નિરીક્ષણ અંગે ચર્ચા કરવામાં આવી હતી.

આ બેઠકમાં ભીલોડા ધારાસભ્ય ડૉ.અનિલભાઈ જોષીયારા, મોડાસા ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ઠાકોર, બાયડ ધારાસભ્ય જશુભાઈ પટેલ, જીલ્લા અધિક નીવાસી કલેકટર પ્રદીપસિંહ રાઠોડ, પ્રયોજના વહીવટદાર મુનિયા, નાયબ વન સંરક્ષક, જીલ્લા આરોગ્ય અધિકારી તથા સંકલન અમલીકરણ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## પાલનપુરમાં ૧,૧૮,૦૦૦૦ લાખ ના ખર્ચે પે - પાર્કિંગ બનાવાયુ

**નગરસેવકો સહીત ભાજપના આગેવાનો હાજર રહ્યા**

પાલનપુર તા. ૨૩

પાલનપુર પાવર હાઉસ વિસ્તારમાં પાલિકા દ્વારા પે-પાર્કિંગની સુવિધા માટે બિલ્ડીંગ તૈયાર કરવામાં આવ્યુ છે.જેમાં પાલિકા દ્વારા વાહનો પારકિંગ કરાવવામાં આવશે.જેના થકી ટ્રાફીકની સમસ્યા હળવી બનશે.

પાલનપુર શહેરમાં ટ્રાફીકની સમસ્યા દિન પ્રતી દીન પેચીદી બની રહી છે.તેમજ વાહન ચાલકો પણ પોતાના વાહનો આડેધડ મુકી શહેરમાં ટ્રાફીક કરવામાં આવતુ હતુ.જેના પગલે પાલનપુર પાલિકા દ્વારા પાવર હાઉસ વિસ્તારમાં રૂ.૧,૧૮,૦૦૦૦ લાખના ખર્ચે પે પાર્કિંગ બનાવવામાં આવ્યુ છે.જેનું ખુલ્લુ નુકવામાં આવ્યુ હતુ.

**શહેરમાં ખુશાલી**

## હિંમતનગરના વિપુલ પટેલની કોઈમ્બતુર એરપોર્ટ ઓથોરિટીના સભ્ય તરીકે નિયુક્તિ

હિંમતનગર, તા. ૨૪

હિંમતનગરની આર.આર. પટેલ એજ્યુકેશન ઈન્સ્ટિટયુટના ડાયરેકટર વિપુલ રમેશભાઈ પટેલ (કરણપુર) ની કોઈમ્બતુર એરપોર્ટ ઓથોરિટીના સભ્ય તરીકે પસંદગી થતાં હિંમતનગર શહેર તથા મિત્ર વર્તુળોમાં ખુશાલી છવાઈ છે. જિલ્લાના અગ્રણી યુવાનેતા, શૈક્ષણિક સંસ્થાઓ સાથે જોડાયેલા વિપુલ પટેલની ભારત સરકારના ઉડ્ડયન મંત્રાલય તાબાના કોઈમ્બતુર એરપોર્ટ ઓથોરિટીના સભ્ય તરીકે પસંદગી કરવામાં આવી. દેશમાંથી માત્ર ૨ સભ્યોની નિયુક્તિ થાય છે જેમાં વિપુલ પટેલનો સમાવેશ થયો છે. જિલ્લાના અગ્રણીઓએ તેમને અભિનંદન પાઠવવાની સાથે કેન્દ્રીય મંત્રી જયોતિરાદીત્ય સિંધિયાનો આભાર માન્યો હતો.



## પ્રાંતિજના યુવાનને અદાવત રાખી માર મારતા ત્રણ વિરૂધ્ધ પોલીસ ફરિયાદ

પ્રાંતિજ તા.૨૪

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે અદાવત રાખીને યુવાન ને માર મારતા યુવાન ને હિંમતનગર ખાતે સારવાર અર્થે દાખલ કરવામા આવ્યો તો યુવાન દ્વારા ત્રણ વિરૂધ્ધ પોલીસ ફરિયાદ કરી

પ્રાંતિજ ખાતે રહેતો મેહુલ કિરીટભાઈ વાધેલા (દંતાણી) ઉ.વર્ષ-૨૧ કે જેવો ભાંખરીયા ટેકરા ખાતે રહે છે અને તે પોતે સાજના સમયે પોતાના ધરે જઈ રહ્યો હતો તે દરમ્યાન લલીબેન જેણાભાઈ વાધેલા ના ધર પાસે રસ્તામા પોહચતા લલીબેન તેમના હાથમા લાકડી લઈ આવેલ તથા લાલુભાઈ જેણાભાઈ વાધેલા તથા પ્રકાશભાઈ જેણાભાઈ વાધેલા ત્રણેય એકદમ આવી ફરિયાદી ને મેહુલ કિરીટભાઈ વાધેલા ને કહેવા લાગ્યા કે આજ થી દોઢેક મહિના પહેલાતુ કેમ સરોજ પ્રકાશ વાધેલા ને લઈ ને જતો રહેલ અને ત્રણ ચાર દિવસ તારી સાથે રાખી મુકી ગયેલ તેમ કહી લલીબેન ને તેમના હાથ મા રહેલ લાકડી મને જમણા હાથે કલાઈ ના ભાગે તથા બરડામાં પાછળ ના ભાગે આડેધડ માર મારતા ફરિયાદી મેહુલ નીચે પડી ગયેલ અને લાલુભાઈ અને પ્રકાશ ભાઈ દ્વારા ગડદાપાટુ નો માર મારતા મેહુલ દ્વારા બુમાબુમ કરતા ત્રણેય આરોપીઓ ત્યાથી જતા રહ્યા હતા અને જતા જતા કહેતા ગયેલ કે આજે તો તુ બચી ગયો છે પણ હવે પછી સરોજ ની સામે પણ જોયુ તો અમો તને જાનથી મારી નાખીશુ અને જીવતો રહેવા દઈએ નહી તેમ કહી ખરાબ શબ્દોમા ભુડી ગાળો બોલી જતા રહેલ અને મેહુલ ને માર મારતા શરીરે દુખાવો થતા તેના માતા-પિતા દ્વારા હિંમતનગર સિવિલ હોસ્પિટલ ખાતે સારવાર અર્થે લઈ ગયા હતા તો ત્રણેય આરોપીઓ દ્વારા ગડદાપાટુ નો માર મારી ભુડી ગાળો બોલી જાનથી મારી નાખવાની ધમકીઓ આપી એક બીજાની મદદત કરી જિલ્લા મેજિસ્ટ્રેટ સાહેબ ના જાહેર નામા નો ભંગ કરતા પોલીસ ફરિયાદ થઈ જેમા યુવાન દ્વારા પ્રકાશભાઈ જેણાભાઈ વાધેલા , લાલુભાઈ જેણાભાઈ વાધેલા , લલીબેન જેણાભાઈ વાધેલા ત્રણેય રહે ભાંખરીયા ટેકરો પ્રાંતિજ વિરૂધ્ધ પોલીસ ફરિયાદ કરતા પ્રાંતિજ પોલીસે ગુનો નોધી આગળ ની તપાસ હાથ ધરી હતી .

**એક મહિલા સહિત બે પુરુષ સામે પોલીસ ફરિયાદ થઈ : યુવાનને માર મારતા હિંમતનગર સિવિલ ખાતે સારવાર અર્થે ખસેડવામા આવ્યો :પ્રાંતિજ પોલીસે ગુનોનોંધી આગળ ની તપાસ હાથ ધરી**

## ડીસા એપીએમસી દ્વારા શહેર-તાલુકાની જનતાનું ૪૨ લાખનું વિમા પ્રિમિયમ ભરાયું

**ડીસા માર્કેટયાર્ડ દ્વારા અકસ્માત વિમાની સહાય ચૂકવાઈ : ચેરમેન માવજીભાઈ દેસાઈ તેમજ ડીરેકટરોની ઉપસ્થિતિમાં સહાયના ચેક અપાયા**

ડીસા, તા. ૨૪

ડીસા માર્કેટયાર્ડ દ્વારા શનિવારે અકસ્માત વિમા યોજના હેઠળ ચાર કમનસીબ મૃતકના પરીવાર ને રૂપિયા એક એક લાખની સહાય ના ચેક આપવામાં આવ્યાં હતાં. ઉત્તર ગુજરાત ની અગ્રણી સહકારી સંસ્થા શ્રી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ ડીસા દ્વારા ડીસા શહેર તેમજ તાલુકા ની જનતાનો લેવામાં આવેલ



અકસ્માત વિમા યોજના અંતર્ગત ડીસા માર્કેટયાર્ડ ના ચેરમેન માવજીભાઈ દેસાઈ ના હસ્તે તેમજ વાઈસ ચેરમેન કરશનભાઈ પટેલ, ડીરેકટરો ખેતાભાઈ કોલા તેમજ નાગજીભાઈ દેસાઈ ની ઉપસ્થિતિમાં સ્વર્ગસ્થ પ્રકાશજી પાંચાજી ઠાકોર (ખરડોસણ), ધર્મેશ અશોકકુમાર વાઘેલા (ડીસા), મફાજી મોબતાજી ધુખ (વાસણા) અને સુખાજી વિહાજી ઠાકોર (ખરડોસણ) ના પરીવાર ને રૂપિયા એક એક લાખની સહાયના એક આપવામાં આવ્યાં હતાં.

**અકસ્માતના ૭૭ કેસ રજીસ્ટર્ડ થયા છે**

ડીસા માર્કેટયાર્ડ દ્વારા વર્ષ ૨૦૨૧-૨૨ દરમ્યાન શહેર તેમજ તાલુકા ની જનતાની અકસ્માત વિમા યોજના હેઠળ ૪૨ લાખનું પ્રિમિયમ ભરવામાં આવ્યું છે. અત્યાર સુધીમાં ૭૭ વિમા રજીસ્ટર્ડ થયા છે. જેની સામે ૧૭ લાખની સહાય ચૂકવાઈ છે તેમ ડીસા માર્કેટયાર્ડ ના સામે સેકેટરી અમૃતભાઈ જોષી એ જણાવ્યું હતું.

## જન્મદિને વધામણી



નિકુલ ગોવિંદલાલ પટેલ
ધનસુરા



આકાશ મહેન્દ્રભાઈ
બ્રહ્મભટ્ટ
બોરોલ તા.બાયડ



પાર્થ ચૌધરી
ભુખેલ તા. બાયડ



પાટીલ ચિરાગકુમાર
ઓમ નગર સોસાયટી
બાયડ જી.અરવલ્લી

**ટચુકડી જાહેર ખબર**
દર રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧,
ફેક્સ : ૨૩૨૩૦૫૭૧

રક્તદાન
મહાદાન